**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૮/૦૬/૨૦૧૮ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૭૪/૧૮**

## લુટ, મર્ડર, ઘરફોડ તથા ફોર વ્હીલ ચોરીઓ કરનાર રાજસ્થાનની ગેંગના આરોપીઓને ઘરફોડ ચોરીના મુદામાલ તથા એક દેશી તમંચો તથા જીવતા કારતુસ નંગ-૮ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તેમજ મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ. રાજદીપસિહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ ઇન્સ. શ્રી આર.એસ. સુવેરા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી વાય.એમ. ગોહિલ તથા શ્રી આર.પી. ભરવાડ નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઓઢવ ખોડીયારનગર ચાર રસ્તા પાસેથી આરોપી નં.(૧) અમરસિંહ @ અમ્રુતસિંહ @ અમુ S/O ભીમસિંહ પુનમસિંહ રાજપુત ઉ.વ.૨૪ રહે.મ.નં.૯૬, સતાધારનગર વિભાગ-૨, ખોડીયારનગરની પાસે, નિકોલ, અમદાવાદ શહેર મુ.ગામ જાવાલ, તા.જિ.શિરોહી, રાજસ્થાન નં.(૨) અમરસિંહ S/O મોડસિંહ થાનસિંહ ચૌહાણ (રાજપુત) ઉ.વ.૨૧ રહે. ચારોડી ગેટ સોસાયટી, પાટીયા પાસે, સુરત શહેર મુ.ગામ જાવાલ, તા.જિ.શિરોહી, રાજસ્થાન નં.(૩) યાસીનખાન @ શહેજાદખાન S/O અબ્બાસખાન મોઈલા કુંભાર ઉ.વ.૨૦ રહે.૨૧, રવન્યા એસ્ટેટ, શાહુકાર પીઠ, મેઈન સ્ટ્રીટ, ચેન્નઈ મુ.ગામ ગઢ શિવાના, તા.શિવાના, જિ.બાડમેર, રાજસ્થાન નાઓને તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ પકડી તેઓની પાસેથી **મળી આવેલ રોકડ રકમ રૂ.૧,૦૦,૦૦૦/- તથા કેમેરો તથા ડીજીટલ ઘડિયાળ** મળી કુલ કિં.રૂ.૧,૦૩,૦૦૦/- ના મતાનો મુદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ.

આ કામે પકડાયેલ આરોપીઓની પુછ પરછ કરતાં આરોપી અમરસિંહ @ અમ્રુતસિંહ @ અમુ S/O ભીમસિંહ પુનમસિંહ રાજપુત નાએ જણાવેલ કે, પોતે કરેલ ઘરફોડ ચોરીઓના ગુન્હામાં સામેલ સહ આરોપી ગોવર્ધનસીગ ઉર્ફે પિન્ટુસીગ લાલસીગ નાનો એસ/૩૦૬, નિલકંઠ રેસીડન્સી ગોકુલ ગેલેક્ષી રેસીડન્સીની પાછળ કઠવાડા અમદાવાદ ખાતે રહેતો હોવાનુ જણાવેલ. જે આધારે પોલીસ સબ ઇન્સ. શ્રી વાય.એમ. ગોહિલ નાઓ સ્ટાફના

માણસો સાથે ઉપરોક્ત જણાવેલ સરનામે નિલકંઠ રેસીડન્સી એસ/૩૦૬ ખાતે જઇ દરવાજો ખખડાવતા અંદરથી એક પુરૂષે કોન હે, તેવુ પુછતા પોલીસ સબ ઇન્સ. શ્રી વાય.એમ. ગોહિલ નાઓએ પોલીસ છે. દરવાજો ખોલો તેવુ બોલતા કોઇ વળતો જવાબ આવેલ નહિ, અને ફરીથી દરવાજો ખખડાવતા અંદરથી ફાયરીગ થયેલ. અને ગોળી દરવાજો વીધી હેડ.કોન્સ. રાકેશકુમાર ના બે પગ વચ્ચેથી પસાર થઇ ગયેલ. અને પોલીસ સબ ઇન્સ. શ્રી વાય.એમ. ગોહિલ તથા સ્ટાફના માણસો દરવાજાની સાઇડમાં જતા રહેલ. આ દરમ્યાન ફરીથી બીજો રાઉન્ડ ફાયર થતા પોલીસ સબ ઇન્સ. શ્રી વાય.એમ. ગોહિલ નાઓએ પોતાની સરકારી પિસ્ટલ લોડ કરી પોજીસન લીઘેલ. અને તેઓએ જોરથી બુમ મારી આરોપીઓને સરેન્ડર કરી દો પોલીસે તમને ઘેરી લીઘેલ છે. અને તમો બહાર આવી જાવ પરતુ કોઇ બહાર આવેલ નહિ અને ફાયરીગના અવાજ આવતો હોય અને બુમા બુમ થતી હોય ત્યાં રહેતા રહીશો બહાર નીકળી દોડા દોડી કરવા લાગેલ. એટલામાં નીચે રાખેલ માણસોએ બુમ મારેલ કે, જે બ્લોકના પાછળ ભાગે પાઇપથી એક માણસ નીચે ઉતરતો હોય અને પોતાની પાસેના હથિયારથી ફાયરીગ કરતો હોય જેથી પોલીસ સબ ઇન્સ. શ્રી ગોહિલ તુરંત જ તમામ માણસો સાથે બ્લોકની નીચે ઉતરી જોયેલ તો અરવિદસીગ ઉર્ફે પપ્પુ સેતાનસીગ રાજપુત તથા દિનેશગીરી ઉર્ફે બાપજી પોપટગીરી ગૌસ્વામી તથા બીજો એક ઇસમ એમ ત્રણેય પાસે એક એક હથિયાર હતાં. જેઓ બંને અગાઉ લુંટના ગુન્હામાં પક્ડાયેલ હોય તેમજ હાલમા લુંટના ગુન્હામાં વોન્ટેડ હોય જેથી તેઓ બંનેને પોલીસ સબ ઇન્સ. શ્રી ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો ઓળખી ગયેલા તથા બીજા બે ઇસમો પૈકી એકને ઓળખેલ તો તે વોન્ટેડ ગોવર્ધનસિંગ ઉર્ફે પિન્ટુસીગ લાલસિંગ નાનો હતો. જે તમામ ફલેટની આગળ પાર્ક થયેલ એક વોકસવેગન પોલો કાર તરફ ભાગતા હતાં. અને તેઓના પાસેના હથિયારો વડે પોલીસના માણસો તરફ ફાયરીગ કરતા હોય. જેથી પોલીસના માણસોના જીવ જોખમમાં મુકાતા હોવાનુ જણાતા તેઓ તરફ પોલીસ સબ ઇન્સ. શ્રી ગોહિલ નાઓએ તેઓની સરકારી પિસ્ટલમાંથી બે રાઉન્ડ ફાયર કરેલ. અને આ દરમ્યાન પિન્ટુસીગ તેમજ અરવિદસીગ તથા દિનેશ ઉર્ફે બાપજી તથા બીજો એક ઇસમ સદરી ગાડીના દરવાજા ખોલી અંદર બેસી ગયેલ અને આ સિવાય એક ઇસમ ગાડીમાં બેસવા જતો હતો. તે દરમ્યાન પોલીસ સ્ટાફના માણસોએ તેને પકડી લીઘેલ. અને આ દરમ્યાન પકડેલ ઇસમને છોડાવવા સારૂ ફરીથી ગાડીમાંથી અરવિદસીગ તથા દિનેશ ઉર્ફે બાપજીએ ફાયરીગ કરવાનુ ચાલુ કરેલ જેથી પોલીસ સબ ઇન્સ. શ્રી ગોહિલ નાઓએ ફરીથી બીજા બે રાઉન્ડ ફાયર કરેલ તથા તેઓની સાથેના પોલીસ સ્ટાફના માણસોએ ગાડી ઉપર પથ્થર ફેકેલ જેથી ઉપરોકત ચારેય ઇસમો આ વોકસવેગન પોલો કાર GJ-01-KP-7649 ની લઇ ફાયરીગ કરતા કરતા એસ.પી. રીગ રોડ તરફ ભાગી ગયેલ. આ બનાવમાં પોલીસ સ્ટાફના માણસોને ફાયરીંગમાં કોઈ ઈજા થયેલ ન હતી. પકડાયેલ આરોપી પ્રતાપસીગ કેશરીસીગ રાજપુત (સીસોદીયા) ઉ.વ.૧૯ રહે, હાલઃ- ૧૩૭, છેલ્લુ બસ સ્ટેન્ડ ગુજરાત હાઉસીગ બોર્ડ, ભૈયાજીના મકાનમાં, બાપુનગર અમદાવાદ મુળ રહે, ગામઃ- બોરી થાના બંમ્બોરા તા. ગીરવા જી. ઉદેપુર (રાજસ્થાન) નાની પાસેથી એક દેશી બનાવટનો તમંચો તથા મોટા જીવતા કારતુસ નંગ-૮ મળી આવેલ. અને સદરી પકડાયેલ પ્રતાપસીગ નાને અરવીદસીગ તથા ગોવર્ધનસિંગ ઉર્ફે પિન્ટુસીગ

તથા દિનેશગીરી ઉર્ફે બાપજી સાથે ભાગેલ. ઇસમનુ નામ ઠામ પુછતા વિનોદ માળી રહે, રાજસ્થાન નાનો હોવાનુ જણાવેલ. જેથી ઉપરોકત પકડાયેલ પ્રતાપસીગ કેશરીસીગ રાજપુત તથા ઉપરોક્ત સહ આરોપીઓ પોતાની ધરપકડ ટાળવા સારૂ પોલીસ સ્ટાફના માણસો ઉપર પોતાની પાસેના ગેરકાયદેસરના હથિયારો વડે જાનથી મારી નાંખવાના ઈરાદાથી ફાયરીંગ કરી સરકારી કામમાં અડચણ ઉભી કરી આરોપી પ્રતાપસિંગ કેશરીસીગ રાજપુત નાનો તેના પાસેના હથિયાર તથા કારતુસો સાથે પકડાઈ જઈ તથા અન્ય સહ આરોપી વોક્સ વેગન ગાડી નં. GJ-01-KP-7649 લઈ ભાગી જઈ ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરતાં ડી.સી.બી. પો.સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરી આગળની વધુ તપાસ એસ.ઓ.જી. પો.ઇન્સ. શ્રી એ.ડી. પરમાર નાઓ ચલાવી રહેલ છે.

**<u>આરોપી ઓનો ગુન્હાહિત ઇતિહાસ:-</u>**

(૧) પકડાયેલ આરોપી પ્રતાપ નરોડા કૃષ્ણનગર, સોલા, બાપુનગર, ઘાટલોડીયા, ચાંડલોડીયા વિગેરે વિસ્તારમાં રાત્રીના સમયે સહ આરોપી મોન્ટુસીગ તથા મુકેશ પ્રજાપતી સાથે રહી બાઇલ લઇ પાનના ગલ્લા અને કરીયાણાની દુકાનને ટારગેટ બનાવી લોખંડની પાઇપ તથા કોસથી તાળુતોડી તેમાંથી રોકડ રકમ વિગેરે મળી આશરે ૨૫ જેટલી ચોરીઓ કરેલાનુ જણાવેલ છે. ઉપરોક્ત ચોરીઓ પૈકી ઘાટલોડીયા ખાતે એક દુકાનમાં ચોરી કરવા ગયેલ ત્યારે પોતે તથા રાવત રાજેન્દ્ર તથા શુભમ રાજપુત તથા મોન્ટુ વિગેરે મળી એક દુકાનમાં પ્રવેશ કરી ચોરી કરતા હતાં. તે વખતે શુભમ તથા રાજેન્દ્ર તથા મોન્ટુ પકડાય ગયેલ અને પોતે તથા મુકેશ પ્રજાપતી નાસી ગયેલ. અને ઉપરોક્ત તમામ ગુન્હાઓમાં નાસતા ફરતો હોવાનુ જણાવે છે.

(૨) પકડાયેલ આરોપી પ્રતાપ ઉપરોક્ત ચોરીઓ કર્યા બાદ પોતે તથા મુકેશ પ્રજાપતી તથા દિવ્યેશ એમ ત્રણેય જણાઓ સીરોહી જશવંતપુરા ખાતે દુકાનોમાંથી ચોરી કરવા સારૂ ગયેલ તે વખતે ત્રણેય જણાઓને પોલીસે પકડી લીધેલ અને ત્રણ માસ સુધી ભીનમાલ જેલમા રહેલ અને જામીન ઉપર છુંટેલ

(૩) ત્યાર બાદ દિવાળી તહેવાર આસપાસ કાલુપુર વિસ્તારમાં પોતે તથા અરવીદસીગ તથા તેનો મિત્ર દિપક જાટ તથા સેલસીગ નાએ રેકી કરી આગડીયા પેઢીના માણસને રોકી ફાયરીગ કરી લુટ કરેલ. જેમાં ઇડર પાસે નાકા બંધીમાં દિપક જાટ પકડાય ગયેલ.

(૪) ત્યાર બાદ સીરોહી ખાતે પેટ્રોલ પંપનો કર્મચારી ચાલતો જતો હોય તેની રેકી કરી પોતે એકલાએ રૂ.૨,૯૩,૦૦૦/- માં લુટ કરેલ.

(૫) આજથી ચારેક માસ પહેલા પોતે તથા અરવીદસીગ તથા બાપજી નાઓ સફેદ કલરની ઇનોવા ગાડીમા લીફટ લઇ અમદાવાદ આવતા રસ્તામાં પ્રાતિજ પાસે ડ્રાયવરને તમંચો દેખાડી તેને આગાળ ઉતારી ઇનોવા ગાડીની લુટ કરી નાસી ગયેલ.

(૬) ત્યાર બાદ ઉદેપુરના પ્રતાપનગર વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપ ખાતે રાત્રીના સમયે બે કર્મચારીઓને દેશી તમંચો બતાવી રૂ.૩૪,૦૦૦/- ની લુટ કરી નાસી ગયેલ.

(૭) ત્યાર બાદ પોતે તથા અરવીદસીગ તથા વિક્રમસીગ તથા મગન વિગેરે નાઓએ ચાણસ્મા ખાતે આગડીયા પેઢીમાં સવારે એક જ કર્મચારી હાજર હોય જેને અરવિદસીગે દેશી તમંચો બતાવી

રૂ.૬૪૦૦૦/- રોકડાની લુટ કરી નાસી ગયેલ.

(૮) ત્યારે બાદ ઉપરોકત પાંચેય જણા ઇનોવા ગાડી લઇ બાપજીએ હાઇવે ઉપર જોયેલ પેટ્રોલ પંપ ખાતે લુટ કરેલ અને તેજ રાત્રે મંડાર ખાતે આવેલ હાઇવે ઉપરના પેટ્રોલ પંપ ઉપર હવામાં ફાયરીગ કરી હાજર કર્મચારી પાસેથી રોકડા રૂ.૬૦૦૦૦/- ની લુટ કરેલ અને લુટ કર્યા બાદ ઇનોવા ગાડી પેટ્રોલ પંપના પાસેના ખાડામા ફસાઇ જતા ઇનોવા ગાડી ત્યાંજ મુકી નાસી ગયેલ.

(૯) ત્યાર બાદ પોતે તથા અરવીદસીગ તથા પિન્ટુસીગ રાજપુત તથા બાપજી નાઓ અમદાવાદ ખાતે આવેલ શ્રીનાથ જવેલર્સ નામની દુકાનમાં રાત્રીના આશરે સાડા દશ વાગે ગુસી જઇ હથિયાર બતાવી સોનાના દાગીનાની લુટ કરેલ. અને દુકાન માલીક ને દિનેશ ઉર્ફે બાપજીએ તમંચાનો બટ માથામાં મારી ઇજા કરી નાસી ગયેલ જે લુટમાં અરવીદસીગે ઘરેણા વેચી રૂ.૧૬૦૦૦૦/- મળેલ હોવાનુ જણાવેલ.

(૧૦) ત્યાર બાદ પોતે તથા બાપજી તથા અરવીદસીગ નાઓ વડગામ ખાતે દુધ મંડળીના કર્મચારીને લુટી લેવા માટે રેકી કરેલ. જેમાં ફોર્ડ ફીગો ગાડી બંધ પડી જતાં તે ગાડી વડગામથી થોડે દુર ગાડી ઉપર પેટ્રોલ છાંટી સળગાવી નાખેલ.

(૧૧) ત્યાર બાદ મહેસાણા વિજાપુર તરફ લુટ કરવા માટે ઇકો ગાડી ભાડે  કરી ગયેલ અને બાપજી એ જોયેલ આગડીયા પેઢીની દુકાન સામે ઇકો ગાડી ઉભી રાખી રેકી કરેલ. અને ત્યાંથી મેન રોક ઉપર ચાલતા આવી એક આઇ ૨૦ કાર સફેદ કલરની રોડ ઉપર પડેલ હોય જેમાં હાજર ડ્રાયવરને બાપજીએ તમંચો બતાવી ડ્રાયવરને પાછળની સીટ ;ઉપર બેસાડી વિજાપુર વિસ્તારમાં ફેરવેલ અને ડ્રાયવર પાસેથી રોકડા રકમ તથા તેના એ.ટી.એમ કાર્ડ વડે રૂ.૧૧૦૦૦/- કાઢી લીધેલ

(૧૨) ત્યાર બાદ પોતે તથા અરવીદસીગ તથા અરવીદસીગનો મિત્ર બન્ના તરીકે ઓળખાતા એક વ્યક્તિને બોલાવેલ. અને વિજાપુર ખાતે રેકી કરેલ આગડીયા પેઢીમાં જઇ રીવોલ્વર બતાવી રોકડા રૂ.૧,૨૩,૦૦૦/- ની લુટ કરેલ.

(૧૩) ત્યાર બાદ પોતે તથા બાપજી તથા અરવીદ વર્ના ગાડીમાં વડગામ ખાતે દુધ મંડળીના પૈસા લઇ પસાર થતા મો.સાયકલ ચાલક ને રોકી તેની પાસેથી રૂ.૧૮,૦૦,૦૦૦/- ની લુટ કરેલ.

**<u>આરોપી અરવિંદસિંહ શેતાનસિંહ બીકા રાઠોડ રહે સિરોહી રાજસ્થાન નો ગુનાહીત ઇતિહાસ-</u>**

ઉપરોકત ગુન્હા સિવાય આરોપી અરવીદસીગ નાએ (૧) સને ૨૦૧૬ માં રાજસ્થાન પોલીસ પર ફાયરીગ કરી કેદી જાપ્તા ના હત્યાના કેશ ના આરોપી સુરેન્દ્ર સિહ ઉફે  નોવી  ને ભગાડી જવાના ગુનામાં પકડવાનો બાકી છે  (૨) આ ઉપરાત ધાનેરા માં સને ૨૦૧૬-૧૭ માં  બેંકની લુંટ  માં પકડાયેલ હોય જે ગુન્હાના કામે ડીસા સબ જેલ  ખાતે હોય અને જેલ તોડી ભાગી ગયેલ જે ગુનામા પકડવાનો બાકી છે (૩) આ દરમ્યાન રાજસ્થાના શીવગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક યુવકની હત્યા તથા પોલીસ પર ફાયરીગ કરી નાસી ગયેલ તે ગુન્હાઓમાં પણ પકડવાનો બાકી છે (૪) સને ૨૦૧૭ માં કેરલા ના એર્નાકુલ્લમ ખાતે હથીયાર તથા વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ છે

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટરશ્રી.આર.જી.જાડેજા.નાઓએ " કનૈયાલાલ વિનુભાઇ ચુનારા ઉવ.૨૮.રહે.ઇન્દીરાનગરના છાપરા અમૃત વિધ્યાલયની સામે ઓઢવ અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા "વિરૂદ્ધના કૃત્યો કરતો હોય.જેની વિરૂદ્ધમાં ઓઢવ પો સ્ટેશન.પ્રોહી ગુ.ર.નં ૫૨૦૭/૨૦૧૮. પ્રોહી એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી આરોપી વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી.અમદાવાદશહેર.નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/435/18 તા.06/06/18 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેન્સ પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ માનસિંહ બ.નં ૭૯૧૨ તથા પો.કો.રાજેશભાઇ રમેશભાઇ બનં-૬૭૭૯ તથા પો.કો દેવાયતભાઇ રાધાભાઇ બનં-૧૧૮૩૨ તેમજ અન્ય સ્ટાફના માણસો વોચમાં હાજર રહી મળી આવતા પકડી લઈ તા.૦૭/૦૬/૧૮ ના કલાક.૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જામનગર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા.૭/૦૭/૧૮.

**આનંદનગર પોલીસ સ્ટેશન**

મિલ્કત સબંધી ગુનાના કામે રીસીવર આરોપીને પકડી પાડતી આનંદનગર પોલીસ સ્ટેશન

મે.નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૭ તથા અધિક નાયબ પોલીસ કમીશ્નર શ્રી એન ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના હેઠળ પોલીસ ઇન્સ્પેકટરશ્રી આનંદનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગ દર્શનથી સર્વેલન્સ પોલીસ સબ ઇન્સ્પેકટર કે.ડી.જાદવ તથા હે.કો.મગનભાઇ નરસિંહભાઇ તથા પો.કો.શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો.કીરીટભાઇ જેરામભાઇ તથા પો.કો. વિજયભાઇ મગનભાઇ તથા વુ.પો.કો.ધર્મિષ્ટાબા મનુભા નાઓએ આનંદનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૪૨/૨૦૧૮ ઇ.પી.કો.ક્લમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ તથા ગુ.ર.નં.૪૩/૨૦૧૮ ઇ.પી.કો. ક્લમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ મુજબના કામના રીસીવર આરોપી મયુરકુમાર સ/ઓ જસવંતભાઇ શીવલાલ કુરીયા ઉવ.૪૨ રહે,ઇ/૫૦૧ સ્વાતી-૨ એપાર્ટમેન્ટ ટી.વી- ૯ ડીમાર્ટની બાજુમાં જીવરાજપાર્ક વેજલપુર અમદાવાદ શહેર મુળ ગામ ઉણ તા. કાકરેજ જિ.બનાસકાંઠા નાઓને આજરોજ તા.૭/૦૬/૨૦૧૮ નાં કલાક ૨૨/૦૦ વાગે ઉપરોકત ગુનાના કામે અટક કરવામાં આવેલ હોય અને સદરી આરોપી અન્ય પોલીસ સ્ટેશન ના ગુનામાં સંડાવાયેલ હોવાની કબુલાત કરેલ છે.

## ગણતરીના કલાકોમાં એકટીવા ચોરીનો ગુનો શોધી આરોપીઓને પકડી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધિકારીશ્રીઓ તરફથી મળેલ સુચના આધારે પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સુચના કરવામાં આવેલ હોય જેથી અમોએ સર્વેસ્કોડ પોસઇ શ્રી એ.ઓ.ભરવાડ નાઓને આ ગુનો શોધી કાઢવા સુચના કરેલ જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એ.ઓ.ભરવાડ નાઓ સાથેના સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૨૨/૧૫ વાગે વસ્ત્રાલ વેરા પાસે આવતા સાથેના અહેકો વિજયસિંહ પર્વતસિહ બનં ૯૭૮૨ નાઓની બાતમી હકીકત આધારે

**રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૯૯/૧૮ ધી ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાનો ભેદ ઉકેલી**

**આરોપીઓ:- (૧) રાકેશ સ/ઓ બીરજુસિંગ જાતે.રાણા ઉવ.૨૨ રહે. મનં. ૨૧૬ સુમીનપાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર**

**(૨) મનિષ સ/ઓ શીવપ્રકાશ પાઠક ઉવ.૨૪ રહે.એ/૨૨ નિલકંઠ સોસાયટી મહેશ્વરીનગર ઓઢવ અમદાવાદ શહેર**

નાઓની પાસેથી ચોરી કરેલ એકટીવા સ્કુટર જી.જે.૨૭ ડી.ક્યુ ૫૯૭૨ કિ.રૂ. ૫૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને તા.૦૭/૦૬/૧૮ ના કલાક ૨૩/૧૫ વાગે પકડી અટક કરી ગણતરીના કલાકોમાં વાહનચોરીનો ગુનો શોધી કાઢી આગળની તપાસ હે.કો વિજયસિંહ પર્વતસિંહ નાઓએ હાથ ધરેલ છે.

## રીક્ષામાં પેસેન્જરને બેસાડી લુંટ કરનાર ઈસમોને પકડી ગુનો શોધી કાઢનાર <u>કાગડાપીઠ પોલીસ</u> :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા કાગડાપીઠ પોલીસ ઇન્સપેક્ટર શ્રી એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે તા-૦૬/૦૬/૨૦૧૮ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એમ.જે.હુણ તથા બિજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૨૨/૦૦ વાગે. કાકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ જાહેર રોડ પર આવતા સાથેના પો.કો.કલ્યાણસિહ અભેસંગભાઈ તથા પો.કો. મહાદેવભાઈ રણછોડભાઈ નાઓને સયુક્ત બાતમી આધારે "કાગડાપીઠ.પો.સ્ટે ફ્રસ્ટ ગુ.ર.નં-૧૦૪/૨૦૧૮ ધી.ઈ.પી.કો. કલમ ૩૯૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના કામે ઓટો રિક્ષા નં.GJ 01 TD 3460 નો ચાલક <u>મોહમદ હુસેન ઉર્ફે પહેલવાન S/O હનિફભાઈ હસનભાઈ શેખ ઉં.વ. ૩૧ રહેવાસી મ.નં ૧ ઝેદ કોટેજ અકશા મસ્જીદ ની બાજુમાં ૧૦૦ ફુટ રિંગ રોડ સરખેજ અમદાવાદ શહેર</u> નાનો લુંટ કરી ભાગી ગયેલ હોય જેઓને તા.૦૬/૦૬/૧૮ ના કલાક ૨૩/૦૦ વાગે. પકડી અટક કરી ઉપરોક્ત ગુનાના કામે વાપરેલ CNG ઓટો રિક્ષા જેનો RTO નં GJ 01 TD 3460 નો છે જેની કિ.રુ.૯૦,૦૦૦/- ગણી તથા રોકડા રુપિયા ૨૦૫૦/-.રોકડા તથા એક સિલ્વર કલરનોં VIVO કંપનીનો મોબાઈલ ફોન જેની કિં.રુ.૫,૦૦૦/- ગણી શકાય કુલ્લે ૯૭,૦૫૦/- ના મતાના મુદામાલ સાથે પકડેલ છે. તથા.....

તા-૦૭/૦૬/૨૦૧૮ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એમ.જે.હુણ તથા બિજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૧૪/૦૦ વાગે. કાકરીયા રેલ્વે યાર્ડ ની સામે જાહેર રોડ પર આવતા સાથેના પો.કો.નરેશભાઈ ઘનશ્યામભાઈ તથા પો.કો.સરદારસિહ મહિપતસિહ નાઓને સયુક્ત બાતમી હકીકત મળેલ કે " કાગડાપીઠ પો.સ્ટે ફ્રસ્ટ ગુ.ર.નં-૧૦૪/૨૦૧૮ ધી.ઈ.પી.કો. કલમ ૩૯૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી કે જેણે શરીરે લીલા તથા સફેદ કલરની ટીશર્ટ તથા ક્રીમ કલરનું પેન્ટ પહેરેલ છે તે ઈસમ ખોખરા બ્રિજ તરફથી ચાલતો આવી અત્રે થઈ પસાર થનાર છે." જે બાતમી હકીકત આધારે આરોપી <u>તોસીફ સાબીર હુસેન હુસેનમીયા શેખ ઉ.વ.૨૯ રહે.હુસેનભાઈ મણીયાર ના મકાનમાં મણીયારવાડા ભોગીલાલની ચાલી ની સામે જૈન દેરાસર ની પાસે રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર</u> નાઓને તા.૦૭/૦૬/૨૦૧૮ ના કલાક ૧૫/૦૦ વાગે. પકડી અટક કરી ઉપરોક્ત ગુનાના કામે રોકડા રુપિયા ૧૬,૦૦૦/- રોકડા મળી બન્ને આરોપીઓ પાસેથી કુલ્લે ૧,૧૩,૦૫૦/- નો મુદામાલ રિકવર કરી ઉપરોક્ત ગુનો ડિટેક્ટ કરેલ છે.

## <u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન જેવી અસામાજીક પ્રવુતીઓ નેસ્ત નાબુદ કરવા સારૂ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશનના ગુનામા પકડાયેલ કમલેશ ઉર્ફે કમો નટુજી ઠાકોર ઉવ.૨૮ ધંધો.ખેતી રહે.ટીંટોડીયા વાસ છરોડી ગામ અમદાવાદ શહેર નાની વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૪૪૧/૨૦૧૮ તા.૦૭/૦૬/૨૦૧૮ થી પ્રોહીબીશનના ગુનામા પકડાયેલ સદરી કમલેશ ઉર્ફે કમો નટુજી ઠાકોર ઉવ.૨૮ ધંધો.ખેતી રહે.ટીંટોડીયા વાસ છરોડી ગામ અમદાવાદ શહેર નાને પાસા અટકાયત હેઠળ ખાસ જેલ પાલારા ભુજ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીની આજરોજ તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી સદરીને આજરોજ તા.૦૭/૦૬/૨૦૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

---

## <u>પ્રોહીબીશન સબંધી ૨ (બે) પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના માણસો સાથે વટવા પો.સ્ટે. દાખલ પ્રોહીબીશનના ગુનામાં આરોપીઓ વિરુધ્ધ પાસા ઓર્ડર થયેલ જે આરોપી અ.નં.<u>(૧) ચંદ્રભાઈ સ/ઓ ગોવિંદભાઈ જાતે-ચુનારા ઉવ.૪૦ રહે, મોટો ચુનારાવાસ મોટી દરગાહ પાછળ વટવા ગામ વટવા અમદાવાદ શહેર</u>નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૪૩૦/૧૮ તા.૦૫/૦૬/૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૧૫ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તથા આરોપી નં.<u>(૨) ટીનાભાઈ સ/ઓ વસંતભાઈ ભુલાભાઈ જાતે-ચુનારા ઉવ.૪૦ રહે, મોટો ચુનારાવાસ કુત્બેઆલમ દરગાહની પાછળ વટવા ગામ વટવા અમદાવાદ શહેર</u>નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૪૪૦/૧૮ તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૦૭/૦૬/૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓને પકડી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ ર નં.૯૧/૧૮ ધી ઇ પી કો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના કામના ફરીયાદીશ્રી જેઠાજી સુનાજી કુમાવત ઉવ.૬૦ રહે.૭ શ્રી હરી બંગલોઝ વિભાગ-૨ સ્વામીનારાયણ મંદીર રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તા.૩૦/૦૫/૧૮ ના કલાક ૨૨/૦૦ વાગ્યાથી તા. ૩૧/૦૫/૧૮ ના કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળામાં કોઇ અજાણ્યા ચોર ઇસમે ફરીયાદીના મકાનના મુખ્ય દરવાજાનુ લોક તોડી મકાનમાં પ્રવેશ કરી સોનાચાંદીના દાગીના કુલ્લે કિ.રૂ.૧,૧૦,૦૦૦/- ના મત્તાની ચોરી કરી ગુનો કરેલાની ફરીયાદ દાખલ થયેલ

જે આધારે ઉપરી અધિકારીઓ તરફથી ગુનો શોધી કાઢવા સુચના કરવામાં આવેલ હોય જેથી અમોએ સર્વેસ્કોડ પોસઇ શ્રી એ.ઓ.ભરવાડ નાઓને આ ગુનો શોધી કાઢવા સુચના કરેલ જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એ.ઓ.ભરવાડ નાઓ સાથેના સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮/૧૫ વાગે રામરાજ્યનગર ખટીક ચાર રસ્તા પાસે આવતા સાથેના પોકો ચેતનભાઇ રણછોડભાઇ તથા પોકો જયવીરસિહ ધનસ્યામસિહ નાઓએ પો.સ.ઇ શ્રીને સંયુકત બાતમી હકીકત આપેલ કે બે ઇસમો જેમાં એક ઇસમ પાતળો જેને શરીરે છીકણી કલરનુ પેંટ અને ભુરા કલરની ટી શર્ટ પહેરેલ છે. તેમજ બીજો લાંબો ઇસમ જેને શરીરે ગુલાબી ટી શર્ટ અને બ્લ્યુ પેંટ પહેરેલ છે તે બંન્ને ઇસમ પોતાની પાસે ચોરી અગર છપકપટથી મેળવેલ સોનાની વીટીઓ વેચવા માટે સોનીની દુકાનો આગળ આવવાના છે જે બાતમી જે હકીકત આધારે

આરોપીઓ:- (૧) ગોપાલભાઇ @ ઓટી જયંતીભાઇ વાઘેલા ઉવ.૨૧ રહે. ૯/૨૭૨ મનમોહન ચાર માળીયા ખોડીયાર માતાજીના મંદીર સામે નિકોલ અમદાવાદ શહેર

(૨) કાર્તીક કનુભાઇ વાઘેલા ઉવ.૨૧ રહે. ૫૪૧ મનમોહન ચાર માળીયા ખોડીયાર માતાજીના મંદીર સામે નિકોલ અમદાવાદ શહેર

નાઓની પાસેથી ઉપરોકત ગુનાના કામે ચોરીમાં ગયેલ બે સોનાની વિંટી એક તોલા વજનની કિ.રૂ.૨૦,૦૦૦/- ના મત્તાની કબ્જે કરી આરોપીઓને તા.૦૭/૦૬/૧૮ ના કલાક ૧૯/૪૫ વાગે પકડી અટક કરી સહ આરોપી ભદ્રેશ @ ફદુ @ ગુગો રમેશભાઇ ચૌહાણ રહે લાંભા ઇંદીરાનગર નાને પકડવા સારુ વધુ તપાસ હાથ ધરેલ છે.

### શાહીબાગ પોલીસ સ્ટેશન

આજરોજ તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ અમો મે પોલીસ કમીશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમીશનર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા મે નાયબ પોલીસ કમીશનર શ્રી ઝોન-૦૪ અમદાવાદ શહેર તેઓની સુચના તથા માર્ગદર્શન મુજબ અમો પો.ઇન્સ શાહીબાગ પોલીસ સ્ટેશન તથા મે અધિક ના. પો. કમી.શ્રી "એફ" ડીવીઝન તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી " જી " ડીવીઝન અમદાવાદ શહેર નાઓને સંયુકત બાતમી મળેલ કે " કેમ્પ સદર બજાર પોલીસ ચોકી વિસ્તારમાં આવેલ C.S.D. ડેપો થી અંદર તરફના ભાગે જતાં સીમરન પોલ્ટ્રી ફાર્મ ની અંદરના ભાગે સદ્દામખાન તથા રાકેશ દ્રીવેદી તથા તેઓના મળતીયા ઈસમો ગેરકાયદેસર રીતે કોલ સેન્ટર ચલાવે છે જે બાતમી હકીકત આધારે મે. અધિક ના. પો. કમી.શ્રી "એફ" ડીવીઝન તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી " જી " ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તથા અમો તથા પો.સ.ઇ શ્રી એમ બી મીસ્ત્રી તથા સર્વેલન્સ સ્કોવોડ પો.સ.ઇ શ્રી આર.પી ડાભી તથા સ્ટાફના માણસો સાથે બાતમી હકીકત વાળી જગ્યાએ રેઇડ કરતાં સદર જગ્યાએ કોલ સેન્ટર ચલાવતા ઇસમો પૈકી નં(૧) હુસેન કુતુબુદ્દીન વોરા ઉ.વ.૨૬ (૨) હુશેન અલીઅકબર લોખંડવાલા ઉ.વ.30 (3) નિકી ચંદ્રકુમાર ધંકાણી ઉ.વ.૨૧ (૪) અભિષેક કિશનભાઇ આર્યા ઉ.વ.૨૧ (૫) સુરજ મહેશભાઇ માખીજા ઉ.વ.૨૧ (૬) કેતન અશોકભાઇ કેવડીયા ઉ.વ.30 (૭) સોહિલ સમસુદીન સીસોદીયા ઉ.વ.૨૦ (૮) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સંપર્ક ઉર્ફે સમર નરેશકુમાર રૂપેલા ઉ.વ.૧૭ વર્ષ ૧૧ મહીના (૯) રાકેશ પ્રભાશંકર દ્રીવેદી ઉ.વ.૨૪ નાઓને સ્થળ ઉપર પકડી લીધેલ તેમજ એક ઇસમ નામે સદ્દામખાન બાબાખાન પઠાણ નાઓ ભાગી ગયેલ હોય તેમજ પકડાયેલ ઇસમો પાસે કુલ્લે: લેપટોપ નંગ-૦૯ તથા મોબાઇલ નંગ-૧૨ તથા મોટરસાયકલ નંગ-03 તથા એક્સેસ સ્કુટર નંગ-૦૧ જે તમામ મુદ્દામાલની કિ.રૂ. 3,૭૪,000 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે તેમજ આરોપીઓને કલાક:૦૮/30 વાગે અટક કરવામાં આવેલ છે બીજા આરોપીઓની તપાસ ચાલું છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"નિકોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "નિકોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.